# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-07-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## વરસાદ આગાહી:

અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ અને રાજકોટમાં વાવાઝોડા સાથે પવન ફૂંકાવવા અને વીજળી પડવાની સંભાવનાને પગલે હવામાન વિભાગ દ્વારારેડ અલર્ટ જાહેર કરાયું છે.

રાજ્ય પર સર્જાયેલી સક્રિય વરસાદી સિસ્ટમને પગલે સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારોમાં વહીવટી તંત્ર દ્વારા ભારે તકેદારી રાખવામાં આવી રહી છે. હવામાન વિભાગની આગાહી અને પ્રતિકૂળ હવામાનને ધ્યાનમાં રાખીને કચ્છના કંડલા બંદર સહિત રાજયના વિવિધ પ્રમુખ બંદરો પર સાવચેતીના ભાગરૂપે ૩ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. ઉંચા મોજા ઉછળવાની અને તેજ ગતિએ પવન ફૂંકાવાની શક્યતાઓને જોતાં તંત્ર દ્વારા માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. દરમ્યાન કચ્છ જીલ્લામાં લોકો દ્વારા સારા વરસાદની આશા સેવાઈ રહી છે.

---

## સંકલન સમિતિ બેઠક મુન્દ્રા:

મુન્દ્રા વિસ્તારના પ્રાંત અધિકારી ભગીરથસિહ ઝાલાના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠક દરમિયાન જનપ્રતિનિધિઓ દ્વારા પ્રશ્નોની વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. તમામ વિભાગના અધિકારીઓને પ્રી-મોન્સૂન કામગીરીને સત્વરે પૂર્ણ કરવા માટે જરૂરી તમામ સૂચનાઓ તથા માર્ગદર્શન પ્રાંત અધિકારી દ્વારા આપવામા આવ્યું હતું. ચોમાસા

દરમિયાન નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્રને સજ્જ રહેવા તેમણે તાકીદ કરી હતી.

---

## સંકલન સમિતિ બેઠક-રાપર-ભચાઉ:

રાપર-ભચાઉના પ્રાંત અધિકારી જ્યોતી ગોહેલની અધ્યક્ષતામાં રાપર પ્રાંત કચેરી ખાતે તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

મોડપર નજીક ઝાડી કટિંગની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા, જ્યોતિ ગામમાં નવા વીજ કનેક્શન આપવા, આડેસરમાં લો વોલ્ટેજનો ઉકેલ લાવવા તથા 66 કે.વી.ની કામગીરી પૂર્ણ કરવા, સઈ ગામમાં નિયમિત પાણી પુરવઠો આપવા સહિત રજૂઆત કરાઈ હતી

તમામ વિભાગોને 7 થી 10 દિવસમાં પ્રશ્નોનો નિકાલ કરી તેનો અહેવાલ રજૂ કરવા પ્રાંત અધિકારી દ્વારા આદેશ આપવામાં આવ્યો હતો.

---

## સામાન્ય સભા -જીલ્લા પંચાયત :

આવતીકાલે જિલ્લા પંચાયત ભવનના સભાખંડમાં એક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રભાબેન હુણ અને જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના માર્ગદર્શન હેઠળ યોજાનારી આ બેઠકમાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા તથા અગાઉ લેવાયેલા નિર્ણયો પર થયેલી કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવશે.

આ બેઠકમાં મુખ્ય કારોબારી, સામાજિક ન્યાય, શિક્ષણ, જાહેર આરોગ્ય, જાહેર બાંધકામ, અપીલ, ઉત્પાદન-સહકાર અને સિંચાઈ તેમજ મહિલા, બાળ વિકાસ અને પ્રવૃત્તિ સમિતિઓની રચના કરવામાં આવશે.

---

## ફોગિંગ કામગીરી:

જૂન માસ-2026 દરમિયાન સમગ્ર જિલ્લામાં મચ્છરજન્ય રોગચાળાને અટકાવવા માટે આરોગ્ય તંત્ર દ્વારા વ્યાપક સ્તરે સર્વેલન્સ અને ફોગીંગ સહિતની સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. કચ્છ જિલ્લામાં કુલ 296 જેટલી ટીમો દ્વારા કુલ 18,58,353 ની વસ્તી અને 4,63,622 ઘરોને સર્વેલન્સ હેઠળ આવરી લેવાયા હતા.

સમગ્ર જિલ્લામાં કુલ 13,88,233 પાત્રોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 416 મચ્છર ઉત્પત્તિ ઘર અને 534 મચ્છર ઉત્પત્તિ પાત્રો મળી આવ્યા હતા. તંત્ર દ્વારા ત્વરિત કાર્યવાહી કરીને 538 મચ્છર ઉત્પત્તિ નાશ કરેલ પાત્રો અને 563 એબેટ દવા નાખવામાં આવી હતી.

---

## NDRF ટીમ:

જિલ્લામાં ચોમાસાની વર્તમાન ઋતુને ધ્યાને રાખીને તેમજ સંભવિત અતિવૃષ્ટિ, પૂર કે અન્ય કોઈ પણ પ્રકારની આપાતકાલીન ભૌગોલિક કટોકટીને પહોંચી વળવા માટે વહીવટી પ્રશાસન દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. એનડીઆરએફની ટીમ હાલ માધાપર યક્ષ મંદિર ખાતે સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. જેથી કટોકટીના સમયે નાગરિકોના જાનમાલનું રક્ષણ કરવા અને ત્વરિત બચાવ કામગીરી હાથ ધરી શકાય તે હેતુથી કચ્છ જિલ્લાને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF) ની 30 સભ્યોની એક વિશેષ ટીમ ફાળવી દેવામાં આવી છે. જેમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને રેસ્કયૂ ઓપરેશનના આધુનિક સાધનો સાથે સજ્જ 30 તાલીમબદ્ધ જવાનોનો સમાવેશ થાય છે.

---

## જીલ્લા કલેક્ટર સફાઈ ઝુંબેશ:

જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા દ્વારા ભૂજ શહેર અને માધાપર વિસ્તારના વિવિધ મુખ્ય માર્ગો અને હમીરસર તળાવની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ચોમાસાની રૂતુ દરમિયાન અને સામાન્ય દિવસોમાં પણ શહેરમાં સ્વચ્છતા તેમજ જનઆરોગ્ય જળવાઈ રહે તે હેતુથી કલેક્ટર દ્વારા આ વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી. જાહેર માર્ગો પર સ્વચ્છતા જાળવવા શ્રીરાણાવસિયાએ નાગરિકોને કરી અપીલ હતી

-------------------------------------------------------------------------------------------

## વાહન ચેકિંગ ડ્રાઈવ:

આદિપુર પોલીસ દ્વારા મુંદરા સર્કલ વિસ્તારમાં સઘન વાહન ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન કાળા ગ્લાસ લગાવેલા વાહનો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી.

-------------------------------------------------------------------------------------------

## એક્વાટીક ચમ્પિયનશીપ-2026:

ગુજરાત સ્ટેટ એક્વાટિક એસોસીએશન દ્વારા બાવનમી ગુજરાત સ્ટેટ એક્વાટિક ચેમ્પિયનશિપ-2026 સ્વરાજ્ય સ્પોર્ટસ સંકુલ-અમદાવાદ ખાતે યોજાઇ હતી, જેમાં કચ્છની હિમધી ચૌહાણે 1500 મીટર ફ્રી સ્ટાઇલમાં પ્રથમ નંબર 50, 100 અને 200 મીટર બ્રેસ્ટસ્ટ્રોક બીજો નંબર અને 50 મીટર ફ્રી સ્ટાઇલમાં પણ બીજો નંબર મેળવી વિજેતા થઇ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 2026ના વર્ષમાં જ તેણે 25થી પણ વધારે મેડલ મેળવ્યા છે.

-------------------------------------------------------------------------------------------